# <u>કબજા વગર નો બાનાખત નો કરાર</u>

**<u>એકતરફ વાળા</u>** નીધી ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના વતી અને તરફથી

**વેચાણ આપનાર** તેના વહીવટકર્તા ભાગીદાર:- **નટવરભાઈઅંબાલાલપટેલ**

પુખ્ત ઉંમરના, ધંધો : વેપાર, ધર્મે હિન્દુ,

રહેવાસી :- ૪, પહેલવાન છાપ, બોડીવાલા કંપાઉન્ડ, ડફનાળા રોડ, શાહીબાગ, અમદાવાદ.

"જેમને હવે પછી આ બાનાખાતનાં કરારમાં અમો અગર બાનાખત કરી આપનાર એકતરફવાળા/પ્રમોટર તેમજ લખી આપનાર તરીકે દર્શાવવામાં આવશે,જેના અર્થમાં અમો બાનાખત કરી આપનારના વંશ, વાલી, વારસો, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો તથા એસાઈનીઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

**<u>બાનાખત કરાવી લેનાર</u>** :

**<u>બીજીતરફવાળા</u>** ઉ.વ.: પુખ્ત, ધર્મે તથા જાતે-હિન્દુ, ધંધો : નોકરી,

રહેવાસી :

"જેમને હવે પછી આ બાનાખાતનાં કરારમાં તમો અગર બાનાખત કરાવી લેનાર બીજીતરફવાળા/એલોટી તરીકે દર્શાવવામાં આવશે,જેના અર્થમાં તમો બાનાખત કરાવી લેનારના વંશ, વાલી, વારસો, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો તથા એસાઈનીઓ ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગરના મોજે ગામ ચીલોડા નરોડા ની સીમના બ્લોક/સર્વે નંબર-૨૨૫/૧ ની ૧૪૨૩૦ સમચોરસમીટરની જમીન જેનો ટી.પી.સ્કીમ નંબર-૨૪૧ (નાના ચીલોડા) માં સમાવેશ કરવામાં આવતાં ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૪૮/૧ ની ૮૫૩૮સમચોરસમીટરની રહેણાક તથા વાણિજય હેતુસરની બિનખેતીના ઉપયોગની જમીન ઉપર આવેલ **"મારૂતી સાઈન"** ના નામથી ઓળખાતી સ્કીમ.

*પ્રમોટર્સ પરિયોજનાની જમીન પર ફ્લેટ/દુકાન બાંધવાનો હક અને અધિકૃતિ ધરાવે છે*

*વેન્ડર/મુળ માલિક/પ્રમોટર પરિયોજનાની જમીનનો માલીકી હકકે કબજો ધરાવે છે.*

*પ્રમોટરે, પરિયોજનાની જમીન ઉપર ભોંયતળીયું તથા પાંચ માળ ધરાવતું બિલ્ડીંગ બાંધવાનું વિચાર્યું છે.*

*એલોટીને, પ્રમોટર દ્વારા, ઉક્ત પરિયોજના* **"મારૂતી સાઈન"** *નામના બિલ્ડીંગ (હવે પછી અહીં જેનો ઉલ્લેખ "સદર યોજના" તરીકે કરવામાં આવ્યો છે) માં .............. માળે ........... નંબર ધરાવતી ફ્લેટ/દુકાન (હવે પછી અહીં જેનો ઉલ્લેખ "ફ્લેટ/દુકાન" તરીકે કરવામાં આવ્યો છે) ઓફર કરવામાં આવ્યો છે.*

*પ્રમોટરે, અધિનિયમની જોગવાઈઓ હેઠળ પરિયોજનાની નોંધણી ............. રીયલ એસ્ટેટ સંબધી નિયમનકારી સત્તામંડળ પાસે ........... નંબર ધરાવતા ............. ખાતે કરાવી છે. અધિકૃત નકલ જોડાણ-ખમાં જોડવામાં આવી છે.*

*વિકાસ કરાર/પાવર ઓફ એટર્ની થકી પ્રમોટર, તેમણે પરિયોજનાની જમીન પર બાંધેલા ઉક્ત દુકાન/ઓફીસ(નો) માંના દુકાન/ઓફીસીસ વેચવાનો તેમજ ફ્લેટ/દુકાન જેમને ફાળવામાં આવ્યા હોય તેમની (એલોટીઝ) સાથે કરાર (રો) કરવાનો અને તેના અવેજમાં વેચાણની રકમ મેળવવાનો એકમાત્ર અને વિશિષ્ટ અધિકાર ધરાવે છે.*

*એલોટીની માંગણીથી પ્રમોટરે, પરિયોજનાને લગતા હકોના તમામ દસ્તાવેજો અને પ્રમોટરના સ્થપતિઓ (આર્કિટેક્ટસ)-મેસર્સ ....... દ્વારા તૈયાર કરવામાં અધિનિયમ, ૨૦૧૬ (હવે પછી અહીં જેનો ઉલ્લેખ "ઉક્ત અધિનિયમ" તરીકે કરવામાં આવ્યો છે) અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબના અન્ય દસ્તાવેજો એલોટીને તપાસવા માટે આપ્યા છે અને એલોટીને તેનાથી સંતોષ થયોછે.*

*પ્રમોટરના કાયદાશાસ્ત્રી (એટર્ની એટ લો.) અથવા વકીલ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હકક પ્રમાણપત્ર (સર્ટિફિકેટ ઓફ ટાઈટલ) ની અધિકૃત નકલો, ફ્લેટ/દુકાન જેના પર બાંધવામાં આવ્યા છે અથવા બાંધવામાં આવનાર છે તે પરિયોજનાની જમીન પરના પ્રમોટરના હકનો પ્રકાર દર્શાવતા હકપત્રક અથવા ૭/૧૨ નાં ઉતારા, હકકપત્રક*

-૬ નો ઉતારો અથવા અન્ય સંબંધિત મહેસૂલી રેકર્ડની અધિકૃત નકલો પણ એલોટીએ તપાસી છે અને તેનાથી તેમને સંતોષ થયો છે.

સંબંધિત સ્થાનિક સત્તામંડળ દ્વારા મંજુર કરવામાં આવેલાં નકશા અને લે-આઉટની અધિકૃત નકલો પણ એલોટીએ તપાસી છે.

પ્રમોટરે સૂચવેલા અને ઉક્ત પરિયોજના પર ફલેટ/દુકાન નું બાંધકામ જે મુજબ કરવાનું અને ખુલ્લી જગ્યાઓ જે મુજબ પૂરી પાડવાનું વિચારાયું છે તે નકશા અને લે-આઉટની અધિકૃત નકલો પણ એલોટીએ તપાસી છે.

પ્રમોટરે ઉક્ત ફલેટ/દુકાન ના નકશા, વિગત વર્ણનો, એલીવેશન્સ, સેકશન્સ અંગે સંબંધિત સ્થાનિક સત્તામંડળ પાસેથી કેટલીક મંજૂરીઓ મેળવી છે અને તેઓ બાકીની મંજૂરીઓ જુદાં-જુદાં સત્તામંડળો પાસેથી વખતો વખત મેળવી લેશે, જેથી તેઓ ઉક્ત ફલેટ/દુકાન અંગેનું દુકાન/ઓફીસ પૂર્ણતા વપરાશ પ્રમાણપત્ર અથવા ભોગવટા પ્રમાણપત્ર પ્રાપ્ત કરી શકે.

ઉક્ત નકશા મંજૂર કરતી વખતે સંબંધિત સ્થાનિક સત્તામંડળ અને/અથવા સરકારે કેટલીક શરતો અને નિયંત્રણો લાંધ્યા છે, જેનું પાલન પ્રમોટરે પરિયોજનાની જમીનનો વિકાસ કરતી વખતે અને ઉક્ત ફલેટ/દુકાન બાંધણી વખતે કરવાનું છે અને તે શરતો અને નિયંત્રણોનું યોગ્ય રીતે પાલન કર્યેથી જ સંબંધિત સ્થાનિક સત્તામંડળ દ્વારા ઉક્ત ફલેટ/દુકાન અંગેનું પૂર્ણતા અથવા ભોગવટા પ્રમાણપત્ર આપવામાં આવશે.

પ્રમોટરે તદ્નુસાર, ઉક્ત સૂચિત નકશાઓ મુજબ ઉક્ત ફલેટ/દુકાન નું બાંધકામ શરૂ કર્યું છે.

એલોટીએ, ઉક્ત પરિયોજનાના .................... તબક્કામાં બંધાઈ રહેલાં ફલેટ/દુકાન નંબર ............... માં આવેલી ...................... પાંખ (વીંગ) માં ................. માળ પર ફલેટ/દુકાન નંબર ...................... ની ફાળવણી કરવા માટે પ્રમોટરને અરજી કરી છે.

ઉક્ત ફલેટ/દુકાન નો કાર્પેટ એરિયા ......... ચો.મી.છે. અને "કાર્પેટ એરિયા" એટલે ફલેટ/દુકાન ની બહારની દીવાલો, સર્વિસ શાફટસ, એક્સક્લુઝિવ બાલ્કની અથવા

વરંડાનું ક્ષેત્રફળ અને ખુલ્લી ટેરેસનું ક્ષેત્રફળ બાદ કર્યા પછી, ફ્લેટ/દુકાન નો ચોખ્ખો વપરાશપાત્ર વિસ્તાર પરંતુ તેમાં ફ્લેટ/દુકાન ની અંદરની પાર્ટીશન દીવાલોના વિસ્તારનો સમાવેશ થાય છે.

તેથી હવે આ કરારમાં સમાવિષ્ટ તમામ શરતો અને લાગુ પડતા કાયદાઓનું વફાદારીપૂર્વક પાલન કરવાની એકબીજાને આપેલી ખાતરીઓ અને બાંયધરીઓ પર વિશ્વાસ રાખીને પક્ષકારો રાજીખુશીથી, અહીં જણાવવામાં આવેલ શરતોથી આ કરાર કરે છે.

આ કરાર કરતા પહેલાં, એલોટીએ પ્રમોટરને જે ફ્લેટ/દુકાન પોતાને વેચવાની સંમતિ આપી છે, તેના અવેજની આંશિક ચુકવણી પેટે રૂા. .................. (અંકે રૂપિયા ................................ પુરા) ની રકમ આગોતરી ચુકવણી અથવા અરજી ફી પેટે ચુકવી છે (જે પોતાને ચૂકવવામાં આવી હોવાનું અને પોતે તે મેળવી હોવાનું પ્રમોટર કબૂલે છે અને સ્વીકારે છે) અને એલોટી પ્રમોટરને વેચાણના અવેજની બાકી રકમ અહીં નીચે જણાવેલી રીતે ચુકવવા સંમત થાય છે.

ઉક્ત અધિનિયમની કલમ-૧૩ અને ૧૪ હેઠળ પ્રમોટરે ઉક્ત ફ્લેટ/દુકાન ના વેચાણ માટે એલોટી સાથે કરાર કરવો અને તે કરારની નોંધણી અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નોંધણી કરાવવી જરૂરી છે.

કરારમાં જણાવવામાં આવેલી શરતો મુજબ અને પક્ષકારો વચ્ચે આપેલ સમજૂતી મુજબ, પ્રમોટર આથી (ફ્લેટ/દુકાન) અને ગેરેજ/કવર કરેલું પાર્કિંગ (જો લાગુ પડતું હોય તો) એલોટીને વેચવા સંમત થાય છે અને એલોટી આથી તે ખરીદવા સંમત થાય છે.

તેથી હવે આ કરાર સાખ પૂરે છે અને પક્ષકારો વચ્ચે કરાર કરવામાં આવે છે કે............

૧).. પ્રમોટરે, પરિયોજનાની જમીન પર ............. બેઝમેન્ટ અને મેદાન/સ્ટીલ્સ,/ ..................... પોડિયમ્સ અને ...................... ઉપલા માળો ધરાવતાં ઉક્ત ફ્લેટ/દુકાન (નો), સંબંધિત સત્તામંડળે વખતો વખત મંજૂર કરેલા નકશા, આલેખનો અને વિગતવર્ણનો મુજબ બાંધશે.

પરંતુ પ્રમોટરે કોઈ સરકારી સત્તામંડળોની સૂચના/નિર્દેશ અથવા કાયદામા થયેલા

ફેરફારને કારણે જરૂરી હોય તેવા સુધારા કે વધારા સિવાય, એલોટીના ફ્લેટ/દુકાન ને વિપરીત રીતે અસર કરે એવા કોઈપણ સુધારા-વધારા કે ફેરફારની બાબતમાં એલોટીની લિખિત સંમતિ અગાઉથી મેળવવાની રહેશે.

એલોટી આથી પ્રમોટર પાસેથી .............. ફ્લેટ/દુકાન ની .................. પાંખમાં ............................ માળે આવેલા, ........................ ચો.મી.નો કાર્પેટ એરિયા ધરાવતા ........................ ટાઈપના ફ્લેટ/દુકાન નં. ............ ની ખરીદી રૂા. .................... ની કિંમતે કરવા સંમત થાય છે અને પ્રમોટર તે મુજબનું ફ્લેટ/દુકાન, તે મુજબની કિંમતે એલોટીને વેચવા સંમત થાય છે. ઉક્ત કિંમતમાં મંઝિયારા વિસ્તાર અને ફ્લેટ/દુકાન હદ વિસ્તારમાં આવેલી વધારાની સહાય સુવિધાઓની પ્રમાણસર કિંમત રૂા. .......... નો સમાવેશ થાય છે. મઝિયારા વિસ્તાર અને સુવિધાઓનું વિગતવાર વર્ણન આ સાથે જોડેલી બીજી અનુસૂચિમાં આપવામાં આવ્યું છે, (મઝિયારા વિસ્તાર અને સુવિધાઓ તથા પાર્કિંગની જગ્યા સહિત ફ્લેટ/દુકાન ની કિંમત અલગ-અલગ રીતે દર્શાવવી).

૧)(ખ) ઉપર જણાવેલ ખંડ ૧(ક) માં જણાવવામાં આવેલી ફ્લેટ/દુકાન ની કુલ એકંદર કિંમત રૂા. ................ છે.

૧)(ગ) એલોટીએ, આ કરાર કરવામાં આવ્યો તે વખતે/પહેલાં રૂા. ................ (અંકે રૂપિયા ...................... પુરા) ની રકમ (કુલ કિંમતના ૧૦ ટકાથી વધુ નહીં) આગોતરી ચુકવણી અથવા અરજી ફી તરીકે ચૂકવી છે. અને તેઓ પ્રમોટરને બાકી રહેલી રૂા. .................. (અંકે રૂપિયા ........................)ની રકમ નીચે મુજબ ચૂકવવા સંમત થાય છે.

(૧) રૂા. .................. (અંકે રૂપિયા ............. પુરા) (કુલ કિંમતના ૩૦ ટકાથી વધુ નહીં) પ્રમોટરને કરાર કરવામાં આવ્યા બાદ ચૂકવવામાં આવશે.

(૨) રૂા. .................. (અંકે રૂપિયા ......................... પુરા) (કુલ કિંમતના ૪૫ ટકાથી વધુ નહીં) પ્રમોટરને, ઉક્ત ફ્લેટ/દુકાન જ્યાં

આવેલું છે તે દુકાન/ઓફીસ અથવા પાંખનું પ્લિન્થ સુધીનું બાંધકામ પૂરું થયેથી ચૂકવવામાં આવશે.

(૩) રૂા. ........................ (અંકે રૂપિયા .............. પુરા) (કુલ કિંમતના ૭૦ ટકાથી વધુ નહીં) પ્રમોટરને, ઉક્ત ફલેટ/દુકાન જયાં આવેલું છે, તે ફલેટ/દુકાન અથવા પાંખનું, પોડિયમ્સ અને સ્ટીલ્ટ્સ સહિતના સ્લેબનું બાંધકામ પૂરું થયેથી ચૂકવવામાં આવશે.

(૪) રૂા. ................................(અંકે રૂપિયા ......................... પુરા) (કુલ કિંમતના ૭૫ ટકાથી વધુ નહીં) પ્રમોટરને ઉક્ત ફલેટ/દુકાન ની દીવાલો, અંદરનું પ્લાસ્ટર, ફરસ, બારી-બારણાનું કામ પૂરું થયેથી ચૂકવવામાં આવશે.

(૫) રૂા. ................... (અંકે રૂપિયા ......................... પૂરા) (કુલ કિંમતના ૮૦ ટકાથી વધુ નહીં) પ્રમોટરને, ઉક્ત ફલેટ/દુકાન નાં સેનેટરી ફીટીંગ્ઝ, દાદર, લિફ્ટ વેલ્સ, ફલોર લેવલ સુધીની લોબીઝનું કામ પૂરું થયેથી ચૂકવવામાં આવશે.

(૬) રૂા. .................. (અંકે રૂપિયા .............. પૂરા) (કુલ કિંમતના ૯૫ ટકાથી વુધ નહીં) પ્રમોટરને, ઉક્ત ફલેટ/દુકાન જયાં આવેલ છે તે ફલેટ/દુકાન અથવા પાંખનું લીફટ, પાણીનાં પંપ, વીજળીક જોડાણો, વીજળીક, યાંત્રિક અને પર્યાવરણ સંબંધી જરૂરિયાતો જે વેચાણ-ખતમાં જણાવવામાં આવેલી હોય-નું કામ પૂરું થયેથી ચૂકવવામાં આવશે.

(૮) બાકીની રૂા. ................ (અંકે રૂપિયા ................... પૂરા)ની રકમ ભોગવટા પ્રમાણપત્ર અથવા પૂર્ણતા પ્રમાણપત્ર આપવામાં આવ્યેથી ફલેટ/દુકાન ના કબજો એલોટીને સોંપવામાં આવે ત્યારે ચૂકવવામાં આવશે.

૧(ઘ) ઉપર જણાવેલી કુલ કિંમતમાં, (ફલેટ/દુકાન)નો કબજો સોંપવામાં આવે તે તારીખ સુધીના કરવેરાનો સમાવેશ થતો નથી (પરિયોજના બાંધકામ અને કામગીરી સંબંધી ચૂકવેલા અથવા ચૂકવવાપાત્ર બનતા મૂલ્યવર્ધિત કર, સર્વિસ ટેક્ષ અને ઉપકર અથવા તેને સમાન કર પ્રમોટરને ચૂકવવાનો છે, જે પ્રમોટર નક્કી કરે તે મુજબ

એલોટી અલગ રીતે ચૂકવશે.

૧(ચ) કુલ કિંમતમાં કોઈ વધારો થશે નહીં, સિવાય કે સક્ષમ સત્તામંડળને ચૂકવવાપાત્ર "વિકાસ ખર્ચ" (ડેવલપમેન્ટ ચાર્જિસ) માં વધારો થવાને કારણે અને/અથવા સક્ષમ સત્તામંડળ, સ્થાનિક સંસ્થાઓ/સરકાર દ્વારા વખતોવખત લેવા અથવા લાદવામાં આવતા ખર્ચમાં વધારો થવાને કારણે કુલ કિંમતમાં વધારો થાય. પ્રમોટર આથી ખાતરી આપે છે અને સંમત થાય છે કે, સક્ષમ સત્તામંડળ વગેરે દ્વારા લાદવામાં આવેલા વિકાસ-ખર્ચ, ખર્ચ અથવા લેવીમાં વધારો થવાને કારણે વધુ કિંમતની માગણી કરતી વખતે પ્રમોટર, સક્ષમ સત્તામંડળ દ્વારા આવો વધારો લાદવા માટે બહાર પાડવામાં આવેલા જાહેરનામા/હુકમ/નિયમ/વિનિયમની નકલ તેમના માગણીપત્ર સાથે જોડશે અને આવો વધારો ત્યારપછી કરવાની ચુકવણીઓ પર જ લાગુ પડશે.

૧(છ) પ્રમોટર તેમનાં વિવેકાધિકારથી એલોટીએ ચૂકવવાપાત્ર બનતા સમાન હપ્તાની વહેલી ચુકવણી પર વળતર આપી શકશે, જે તેઓ, સંબંધિત હપ્તા જેટલા વહેલા ચૂકવવામાં આવે તે સમયગાળા માટે વાર્ષિક ૬% (છ ટકા) ટકાના દરે આવા હપ્તા પર વળતર કાપીને આપશે. આવું રિબેટ આપવા અને તેનો દર નક્કી કરવાની જોગવાઈની સમીક્ષા થઈ શકશે નહી. એકવાંર અમુક દરે રિબેટ આપ્યા બાદ પ્રમોટર તે એલોટી પાસેથી પાછું માગી શકશે નહીં.

૧(જ) ફ્લેટ/દુકાન નું બાંધકામ પૂરું થયા બાદ અને સક્ષમ સત્તામંડળ દ્વારા ભોગવટા પ્રમાણપત્ર આપવામાં આવ્યા બાદ પ્રમોટર, કાર્પેટ એરિયામાં કોઈ ફેરફાર થયો હોય તો તેની વિગતો રજુ કરીને, એલોટીને આપવામાં આવેલા આવેલા અમારી કાર્પેટ એરિયાને પુષ્ટિ આપશે. પરંતુ કાર્પેટ એરિયામાં થયેલો ફેરફાર ૩ ટકાથી વધુ હોવો જોઈશે નહીં. પ્રમોટર દ્વારા આવી પુષ્ટિ આપવામાં આવ્યા બાદ કાર્પેટ એરિયાની કુલ કિંમતની પુનઃ ગણતરી કરવાની રહેશે. કાર્પેટ એરિયાના થયેલો ઘટાડો નિર્ધારીત મર્યાદાની અંદર હોય તો, પ્રમોટર એલોટીએ ચૂકવેલા વધુ નાણાં, એલોટીએ આવાં વધુ નાણાં જ્યારથી ચૂકવ્યા હોય તે તારીખથી ૬-ટકાના વાર્ષિક દરે વ્યાજ સાથે, ૪૫ દિવસની અંદર રિફંડ કરશે. એલોટીને આપવામાં આવેલા કાર્પેટ એરિયામાં કોઈ વધારો થયો હોય તો, પ્રમોટર ચુકવણીના કરવામાં આવેલા આયોજનના ત્યારપછીના સીમાસ્તંભ (માઈલસ્ટોન) મુજબ, એલોટી પાસેથી

વધારાની રકમની માંગણી કરશે. આ તમામ નાણાકીય ગોઠવણો, આ કરારના ખંડ ૧(ક) માં થયેલી સમજૂતી મુજબ, ચો.મી. દીઠ સમાન દરે કરવાની રહેશે.

૧(ઝ) એલોટી, પ્રમોટરને, પ્રમોટર તેમના વિવેકાધિકારથી યોગ્ય ગણે તે મુજબ, એલોટીના નામે કાયદેસર બાકી નીકળતાં લેણાં સામે, એલોટીએ કોઈપણ સદર હેઠળ કરેલી તમામ ચુકવણીઓનું સમાયોજન/વિનિયોગ કરવા માટે અધિકૃત કરે છે અને એલોટી તેણે કરેલી ચુકવણીઓના સમાયોજનના સંદર્ભમાં પ્રમોટર સામે કોઈ વાંધો ન લેવાની અને કોઈ માંગણી કે નિર્દેશ કરવાની ખાતરી આપે છે.

નોંધ : પેટા-ખંડ (૨) અને (૩) માં જણાવવામાં આવેલા પ્રત્યેક હપ્તાને, બહુમાળી દુકાન/ઓફીસ/પાંખના કિસ્સામાં બેઝમેન્ટ/પોડિયમ્સ/મજલા(માળ) ની સંખ્યા સાથે જોડાયેલા અનેક (મલ્ટિપલ) હપ્તાઓમાં પેટા-વિભાજિત કરવામાં આવશે.

૨.૧ પ્રમોટર આથી, ઉક્ત નકશાઓ મંજૂર કરતી વખતે અને ત્યારબાદ એલોટીને ફ્લેટ/દુકાન નો કબજો સોંપતી વખતે, સંબંધિત સ્થાનિક સત્તામંડળ નિયત કરે એવી તમામ શતો અને નિયંત્રમોનું પાલન કરવા, સંબંધિત સ્થાનિક સત્તામંડળ પાસેથી ફ્લેટ/દુકાન ના ભોગવટા અને/અથવા પૂર્ણતા પ્રમાણપત્રો મેળવી લેવા સંમત થાય છે.

૨.૨ પ્રમોટર અન એલોટી બંને માટે સમય મહત્ત્વનો છે. પરિયોના પૂરી કરવા અને ભોગવટા પ્રમાણપત્ર અથવા પૂર્ણતા પ્રમાણપત્ર અથવા યથાપ્રસંગ બંને મેળવ્યા પછી દુકાન/ઓફીસ એલોટીને સોંપવા તથા મઝિયારા વિસ્તારો એસોસિએશન ઓફ એલોટીઝને સોંપવા માટેના સમયપત્રકનું પ્રમોટરે પાલન કરવાનું રહેશે.

એ જ રીતે, એલોટીએ, તેમણે ચૂકવવાપાત્ર હપ્તા અને અન્ય રકમોની ચુકવણી સમયસર કરવાની રહેશે અને આ કરાર હેઠળની અન્ય જવાબદારીઓ તેમણે, અહીં ઉપર ખંડ ૧ (ગ) માં દર્શાવવામાં આવ્યા મુજબ (ચુકવણીનું આયોજન), બાંધકામ જેમ જેમ થતું જાય તેમ તેમ પૂરી કરવાની રહેશે.

૩. પ્રમોટર આથી જાહેર કરે છે કે, આજની તારીખ, પરિયોજનાની જમીન ાટે ઉપલબ્ધ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ (એફએસઆઈ) માત્ર ................. ચો.મી.

જ છે. અને પ્રમોટરે પ્રીમિયમની ચુકવણી કર્યેથી ઉપલબ્ધ બનતા ટી.ડી.આર. અથવા એફ.એસ.આઈ. અથવા વિકાસ નિયંત્રણ નિયમન (ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન) માં જણાવાયા મુજબની જુદી જુદી યોજનાઓના અમલ દ્વારા પ્રોત્સાહક એફ.એસ.આઈ. તરીકે ઉપલબ્ધ એફ.એસ.આઈ. અથવા ભવિષ્યમાં, વિકાસ નિયંત્રણ નિયમનોમાં ફેરફાર થવાથી અપેક્ષિત વધુ એફ.એસ.આઈ. મળશે, એવા તર્કના આધારે-આ ચારેય બાબતો ઉક્ત પરિયોજનાને લાગુ પડે છે. .................... એફ.એસ.આઈ.નો ઉપયોગ કરવાનું વિચાર્યું છે અને એલોટી, સૂચિત એફ.એસ.આઈ. નો ઉપયોગ કરીને પ્રમોટર સૂચિત બાંધકામ કરવાના છે અને ફ્લેટ/દુકાન નું વેચાણ કરવાના છે એ આધારે તેમજ જાહેર કરવામાં આવેલો સૂચિત એફ.એસ.આઈ. માત્ર પ્રમોટરની માલિકીનો જ રહેશે એવી સમજનાં આધારે ઉક્ત ફ્લેટ/દુકાન ખરીદવા સંમત થયા છે.

૪.૧ પ્રમોટર પરિયોજના પૂરી કરવા માટેના અને એલોટીને ફ્લેટ/દુકાન નો કબજો સોંપવા અંગેના સમયપત્રકનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો, પ્રમોટર એલોટીને-જેઓ આ પરિયોજનામાંથી પાછા ખસવા માંગતા નથી-કબજો ન સોંપે ત્યાં સુધી, વિલંબના પ્રત્યેક માસ માટે, એલોટીએ ચૂકવેલી રકમો પર વાર્ષિક ૬% ટકાના દરે વ્યાજ ચૂકવવા સંમત થાય છે. એલોટી, તેમની પાસેથી આ કરારની શરતો હેઠળ પ્રમોટરની લેણી નીકળતી અને ચૂકવવાપાત્ર બનતી તમામ વિલંબિત ચુકવણી પર, તે રકમ એલોટીએ પ્રમોટરને જયારથી ચૂકવવાની થતી હોય તે તારીખથી વાર્ષિક ૬% ટકાના દરે વ્યાજ સાથે પ્રમોટરને ચૂકવવા સંમત થાય છે.

૪.૨ આ કરાર હેઠળ એલોટી પાસેથી લેણી નીકળતી અને એલોટીએ પ્રમોટરને ચૂકવવાપાત્ર બનતી કોઈપણ રકમ, તે ચૂકવવાની નિયત તારીખે એલોટી દ્વારા ચૂકવવામાં ન આવે તો ઉપર ખંડ-૪.૧ ના સંદર્ભમાં વ્યાજ વસૂલ કરવાના પ્રમોટરના હકને બાધક બન્યા વિના, અને એલોટી હપ્તાની ચુકવણી કરવામાં ત્રણવાર કસૂર કરે તો, પ્રમોટર આ કરાર સમાપ્ત કરવાનો વિકલ્પ ધરાવશે (એલોટીએ નિયત સમયે ચૂકવવાની રકમોમાં, સંબંધિત સ્થાનિક સત્તામંડળ દ્વારા લેવામાં આવતા કરવેરામાં એલોટીના પ્રમાણસર હિસ્સાનો પણ સમાવેશ થાય છે.)

પરંતુ પ્રમોટરે, તેઓ આ કરાર સમાપ્ત કરવાનો ઈરાદો ધરાવતા હોવાની અને

તેઓ કોઈ ચોક્કસ શરતના ભંગ બદલ આ કરાર રદ કરવા ઈચ્છે છે તે જણાવતી પંદર દિવસની નોટીસ તેમણે પુરા પાડેલા સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી અને એલોટીએ પૂરા પાડેલા ઈ-મેઈલ એડ્રેસ પર ઈ-મેઈલથી એલોટીને આપવાની રહેશે, એલોટી નોટીસના સમયગાળાની અંદર, શરતનો ભંગ સુધારી ન લે તો નોટીસનો સમય પૂરો થયા બાદ પ્રમોટર કરાર સમાપ્ત કરવા હક્કદાર રહેશે.

વધુમાં, ઉપર જણાવ્યા મુજબ આ કરાર રદ કરવામાં આવ્યેથી પ્રમોટરે, કરાર સમાપ્તિના ૩૦ દિવસની અંદર એલોટીને, (સમજૂતી સધાયા મુજબના કોઈપણ "લિક્વિડેટેડ ડેમેજીઝ" અથવા પ્રમોટરને ચૂકવવાપાત્ર થતી અન્ય કોઇપણ રકમના સમયોજન અને વસૂલાતને અધીન રહીને) એલોટીએ ત્યાં સુધી પ્રમોટરને ચૂકવેલા ફ્લેટ/દુકાન ની વેચાણ કિંમતના હપ્તા રિફંડ કરવાના રહેશે.

૫. ઉકત ફ્લેટ/દુકાન માં પ્રમોટરે તેના પોતાના વિકલ્પે પૂરા પાડવાના ફ્લોરિંગ અને સેનિટરી ફિટીંગ્ઝ અંગેના જોડાણો અને બ્રાન્ડ ધરાવતી એક અથવા વધુ લીફટસ જેવી સુવિધાઓ અથવા "પ્રાઈસ રેન્જ" સાથેના જોડાણ-ગમાં જણાવવામાં આવ્યા છે.

૬. પ્રમોટર, એલોટીને ફ્લેટ/દુકાન નો કબજો તા. ............... નાં રોજ અથવા તે પહેલા સોંપશે. પ્રમોટર તેમના અથવા તેમના એજન્ટના નિયત્રણ બહારના કારણોસર ઉક્ત તારીખ સુધીમાં એલોટીને ફ્લેટ/દુકાન નો કબજો ન સોંપી શકે અથવા તેમ કરવામાં નિષ્કાળજી દાખવે તો, એલોટી દ્વારા માગણી કરવામાં આવ્યેથી પ્રમોટર એલોટીને, તેઓ ફ્લેટ/દુકાન માટે જેટલી રકમ મેળવી ચૂકયા હોય તેટલી રકમ, તે રકમ પ્રમોટરે મેળવી હોય તે તારીખથી લઈને તે વ્યાજ સાથે પરત કરવામાં ન આવે ત્યાં સુધી, ખંડ ૪.૧ માં જણાવવામાં આવેલા દર વ્યાજ સાથે રિફંડ કરશે.

પરંતુ ફ્લેટ/દુકાન જેમાં આવેલું હોય તે ફ્લેટ/દુકાન પુરું કરવામાં નીચેના કારણોસર વિલંબ થાય તો પ્રમોટર ફ્લેટ/દુકાન ની ડિલિવરી કરવા માટેનો સમય યોગ્ય રીતે લંબાવી આપવાની માગણી કરવા હકદાર બનશે.

(૧) યુદ્ધ, આંતરિક વિગ્રહ અથવા દૈવી આપત્તિ

(૨) સરકાર અને/અથવા અન્ય જાહેર અથવા સક્ષમ સત્તામંડળ/અદાલતની નોટિસ, હુકમ, આદેશ, જાહેરનામું.

૭.૧ કબજો લેવા માટેની કાર્યવાહી.

પ્રમોટર સક્ષમ સત્તામંડળ પાસેથી ભોગવટા પ્રમાણપત્ર મેળવે અને એલોટી કરાર મુજબની ચુકવણી કરી દે તે પછી, પ્રમોટર કરાર અન્વયે એલોટીને લિખિત નોટીસ આપીને, નોટિસની તારીખથી ૩ માસની અંદર ફ્લેટ/દુકાન નો કબજો મેળવી લેવા જણાવશે અને તદનુસાર તે એલોટીને કબજો સોંપશે. પ્રમોટર, તેમના પક્ષે કોઈપણ જોગવાઈ, ઔપચારિકતાઓ, દસ્તાવેજી કરણ પૂરું કરવામાં નિષ્ફળ જાય તો એલોટીને તેનું નુકશાન ભરપાઈ કરી આપવાની આથી ખાતરી આપે છે અને તેમ કરવા સંમત થાય છે. એલોટી, થયા પ્રસંગ પ્રમોટર અથવા એસોસિએશન ઓફ એલોટીઝ દ્વારા નક્કી કરવામાં આવે તે નિભાવખર્ચ ચૂકવવા સંમત થાય છે. પ્રમોટર, પરિયોજનાનું ભોગવટા પ્રમાણપત્ર મળ્યાના ૭ દિવસની અંદર એલોટીને કબજો મેળવી લેવા જણાવશે.

૭.૨ પ્રમોટર તરફથી, ફ્લેટ/દુકાન વપરાશ અને ભોગવટા માટે તૈયાર હોવાની જાણ કરતી લિખિત નોટિસ મળ્યાના ૧૫ દિવસની અંદર એલોટી દુકાન/ઓફીસનો કબજો લઈ લેશે.

૭.૩ એલોટી ફ્લેટ/દુકાન નો કબજો લેવામાં નિષ્ફળ જાય તો.

પ્રમોટર તફરથી ખંડ-૭ મુજબની લિખિત જાણ કરવામાં આવ્યેથી એલોટી, જરૂરી ઈન્ડેમ્નીટીઝ (નુકશાન ભરપાઈ સંબંધી દસ્તાવેજો), બાંયધરીઓ અને કરાર હેઠળ નિર્દિષ્ટ કરવામા આવ્યા હોય તેવા અન્ય દસ્તાવેજો કરીને પ્રમોટર પાસેથી ફ્લેટ/દુકાન નો કબજો એલોટીને સોંપી દેશે. કોઈ કારણસર એલોટી, ખંડ ૭.૧ માં જણાવેલા સમયની અંદર કબજો ન મેળવો તો તે લાગુ પડતા નિભાવ ખર્ચ ચૂકવવાને પાત્ર બનશે.

૭.૪ એલોટીને કબજો સોંપ્યાના પાંચ વર્ષના સમયગાળાની અંદર એલોટી, ફ્લેટ/દુકાન માં અથવા ફ્લેટ/દુકાન જેમાં આવેલું હોય તે ફ્લેટ/દુકાન માં કોઈ માળખાગત ખામી(સ્ટ્રકચરલ ડિફેકટ) અથવા કારીગરી, ગુણવત્તા અથવા સેવાની

જોગવાઈના સંદર્ભમાં કોઈ ખામી પ્રમોટરના ધ્યાન પર લાવે તો પ્રમોટરે શક્ય હોય ત્યાં આવી ખામી તેમના પોતાના ખર્ચે દુરસ્તા કરવાની રહેશે અને આવી ખામી દુરસ્ત કરવાનું શક્ય ન હોય તો એલોટી, પ્રમોટર પાસેથી આવી ખામી માટેનું વળતર અધિનિયમ હેઠળ આ અંગે કરવામાં આવેલી જોગવાઈ મુજબ મેળવવા હકદાર રહેશે. પરંતુ જેના માટે પ્રમોટરને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય અથવા જે પ્રમોટરના નિયંત્રણ બહાર હોય એવી કોઈ માળખાગત ખામી અથવા કારીગરી, ગુણવત્તા અથવા સેવાની જોગવાઈના સંદર્ભમાં રહેલી ખામી માટે પ્રમોટર વળતર ચૂકવી આપવાને પાત્ર બનશે નહીં.

૮. એલોટી, ફ્લેટ/દુકાન કે તેના કોઈપણ ભાગનો ઉપયોગ કોઈ ઉદ્યોગ અથવા ધંધો કરવા માટે કચેરી/શો-રૂમ/દુકાન/ગોદામ/તરીકે કરશે અથવા કરવાની પરવાનગી આપશે.(★ લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું.) તે ગેરેજ અથવા પાર્કિંગની જગ્યાનો ઉપયોગ વાહન રાખવા કે પાર્ક કરવા માટે જ કરશે.

૯. એલોટી ફ્લેટ/દુકાન માં ફ્લેટ/દુકાન નાં અન્ય એલોટીઝ સાથે મળીને એક મંડળી અથવા મંડળ અથવા લિમિટેડ કંપની રચશે, જે પ્રમોટર નક્કી કરે તે નામથી ઓળખાશે અને આવી મંડળી/મંડળ/લિમિટેડ કંપનીની નોંધણી કરાવવાની રહેશે. એલોટી નોંધણી અને/અથવા સભ્યપદ માટેની અરજી તેમજ મંડળી/મંડળ/ લિમિટેડ કંપનીની માહીતી અને નોંધણી માટેના જરૂરી દસ્તાવેજો પર પણ સહી કરશે અને સૂચિત મંડળી/મંડળ/લિમિટેડ કંપનીના પેટા-નિયમો સહિત, તેના સભ્ય બનાવ માટેના અરજીફોર્મ ભરી, તેમાં સહી કરી, પ્રમોટર તરફથી તે મોકલવામાં આવ્યાની તારીખની ૭ દિવસની અંદર પ્રમોટરને પરત કરશે, જેથી પ્રમોટર એલોટીઝનાં સંગઠનની નોંધણી કરાવી શકે. મુસદારૂપ પેટા-નિયમો, સમજૂતીપત્ર અને/અથવા ધારાધોરણોમાં યથાપ્રસંગ સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર અથવા કંપનિઓના રજિસ્ટ્રાર અથવા અન્ય કોઈ સક્ષમ સત્તામંડળની જરૂરીયાત મુજબ કોઈ ફેરફારો કરવામાં આવે તો એલોટી તે અંગે કાંઈ વાંધો ઉઠાવશે નહી.

૯.૧ પ્રમોટર એલોટીને એ મતલબની લિખિત નોટિસ આપે કે ફ્લેટ/દુકાન વપરાશ અને ભોગવટા માટે તૈયાર છે, તે તારીખથી ૧૫ દિવસ બાદ એલોટી પરિયોજનાની જમીન અને દુકાન/ઓફીસ(નો) ના સંદર્ભમાં થનારા ખર્ચ એટલે કે સ્થાનિક કરવેરા, સુખાકારી વેરો, અથવા આવો અન્ય વેરો-જે સંબંધિત સ્થાનિક

સત્તામંડળ અને/અથવા સરકાર દ્વારા લાદવામાં આવે-પાણી વેરા, વીમો, સહિયારી દિવાબત્તી, મરામતો તેમજ કારકુનો, બિલ કલેકટર્સ, ચોકીદારો, સફાઈ કામદારોના પગાર અને પરિયોજનાની જમીન અને ફ્લેટ/દુકાન (નો)ના સંચાલન અને નિભાવ અંગે જરૂરી અને પ્રાસંગિક હોય તેવા અન્ય તમામ ખર્ચાનો તેના ભાગે આવતો હિસ્સો ચૂકવશે. વધુમાં, એલોટી સંમત થાય છે કે જયાં સુધી એલોટીને આવો હિસ્સો નક્કી કરવામાં ન આવે ત્યાં સુધી એલોટી પ્રમોટરને ખર્ચ પેટે માસિક રૂા. .................. નો કામ ચલાઉ ફાળો ચુકવશે. એલોટીએ પ્રમોટરને આ રીતે ચુકવેલી રકમ કોઈ વ્યાજ ગણાશે નહિ, અને ઉપર જણાવ્યા મુજબની મંડળી અથવા મંડળ અથવા લિમિટેડ કંપનીની રચના ન થાય ત્યાં સુધી તે રકમ પ્રમોટર પાસે જ રહેશે.

૧૦. કરારમાં જણાવવામાં આવેલી, એલોટીએ ચૂકવવાની રકમ ઉપરોકત, એલોટીએ, ઉક્ત ફ્લેટ/દુકાન હદ વિસ્તારનો કબજો સોંપાયાની તારીખે અથવા તે પહેલાં પ્રમોટરને, પ્રમોટર નક્કી કરે એવા અને જે આ કરારની અન્ય કોઈ જોગવાઈમાં આવરી લેવાયો ન હોય એવા ખર્ચાનો ભાગે પડતો હિસ્સો ચૂકવવાનો રહેશે.

૧૧. એલોટી, પ્રમોટરને, ઉક્ત મંડળી અથવા લિમિટેડ કંપની અથવા એપેકસ બોડી અથવા ફેડરેશનની રચના સંબંધે તેમજ તેના નિયમો, વિનિયમો અને પેટા-નિયમો તૈયાર કરવા માટે અને પટાની તબદીલી અને સોંપણી અંગેનો દસ્તાવેજો તૈયાર કરવા તથા લખવા અંગેના પ્રમોટરના કાયદાશાસ્ત્રી/વકીલની વ્યાવસાયિક ફી સહિત તમામ કાનૂની ખર્ચ, ચાર્જિસ અને કિંમતો માટે રૂા. ...................... ની રકમ ચુકવશે.

૧૨. ફ્લેટ/દુકાન ના માળખા અથવા પાંખના માલિકી ફેર/તબદીલી અથવા પટાની નોંધણી કરાવતી વખતે, એલોટી પ્રમોટરને ઉકત ફ્લેટ/દુકાન ના માળખા/ પાંખની તબદીલીના અથવા પટના અથવા કોઈપણ દસ્તાવેજ કે તબદીલી ખત અંગે ઉકત મંડળી અથવા લિમિટેડ કંપની દ્વારા ચૂકવવાપાત્ર બનતા સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ચાર્જિસનો એલોટીનો હિસ્સો ચૂકવશે પરિયોજનાની જમીનના, ઉકત એપેકસ બોડીની તરફેણમાં પ્રમોટરે કરવાના માલકી ફેર અથવા પટાની નોંધણી કરાવતી વખતે એલોટી પ્રમોટરને, ઉકત જમીનના માળખાની તબદીલીના

અથવા પટાના અથવા કોઈપણ દસ્તાવેજ કે તબદીલી ખત અંગે ઉકત એપેકસ બોડી અથવા ફેડરેશન દ્વારા ચૂકવવાપાત્ર સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ચાર્જિસનોએલોટીનો હિસ્સો ચુકવશે.

૧.૩ પ્રમોટરના નિવેદનને અને વોરંટીઓ.

પ્રમોટર આથી એલોટીને નીચે મુજબની ખાત્રી આપે છે,

(૧) પ્રમોટર, આ કરાર સાથે જોડવામાં આવેલા "ટાઈટલ રિપોર્ટ" માં જાહેર કરવામાં આવ્યા મુજબ, પરિયોજનાની જમીનના ચોખ્ખા અને વેચાણપાત્ર હકો ધરાવે છે અને તેઓ પરિયોજનાની જમીન પર વિકાસ કરવા માટેના જરૂરી હકો પણ ધરાવે છે તેમજ આ પરિયોજનાના અમલ પેટે તેઓ પરિયોજનાની જમીનનો ખરેખર, પ્રત્યક્ષ અને કાયદેસરનો કબજો ધરાવે છે.

(૨) પ્રમોટર, પરિયોજનાનો વિકાસ કરવા માટે, સક્ષમ સત્તામંડળો પાસેથી મેળવેલા કાયદેસર હકો અને જરૂરી મંજૂરીઓ ધરાવે છે અને તેઓ પરિયોજના પૂરી કરવા માટે વખતોવખત જરૂરી હોય એવી મંજુરીઓ મેળવશે;

(૩) "ટાઈટલ રિપોર્ટ" માં જાહેર કરવામાં આવ્યા છે તે સિવાય પરિયોજનાની જમીન અથવા પરિયોજના પર અન્ય કોઈ દબાણો નથી.

(૪) "ટાઈટલ રિપોર્ટ" માં જાહેર કરવામાં આવ્યા છે તે સિવાય પરિયોજનાની જમીન અથવા પરિયોજના પર અન્ય કોઈ દાવા પડતર નથી.

(૫) પરિયોજના, પરિયોજનાની જમીન અને ઉકત ફલેટ/દુકાન/પાંખ અંગે સક્ષમ સત્તામંડળે આપેલી તમામ મંજુરીઓ, પરવાના અને પરમીટો માન્ય અને ચાલુ છે. અને તે કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસરીને મેળવવામાં આવ્યાં છે. પરિયોજના, પરિયોજનાની જમીન અને ઉકત ફલેટ/દુકાન પાંખ હવે પછી સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવનાર તમામ મંજુરીઓ, પરવાના અને પરમીટો કાયદાની યોગ્ય પ્રક્રિયાને અનુસરીને મેળવવામાં આવશે અને પ્રમોટરે પરિયોજના, પરિયોજનાની જમીન, ફલેટ/દુકાન /પાંખ અને મઝિયારા વિસ્તાર સંબંધે લાગુ પડતા તમામ કાયદાનું પાલન કર્યું છે અને હંમેશા કરતા રહેશે.

(૬) પ્રમોટર આ કરાર કરવાનો અધિકાર ઘરાવે છે અને તેમણે એવું કોઈ

*કૃત્ય કે કામગીરી કરી નથી કે જેનાથી અત્રેના એલોટીના હકો, અધિકારો અને હિતને કોઈ હાનિ પહોંચે.*

*(૭) પ્રમોટરે આ પરિયોજના અને ઉકત ફ્લેટ/દુકાન ની પરિયોજનાની જમીન અંગે કોઈ વ્યક્તિ કે પક્ષ સાથે કોઈ વેચાણ કરાર અને/અથવા વિકાસ કરાર અથવા કોઈ કરાર/ગોઠવણ કર્યા નથી. જેનાથી આ કરાર હેઠળના એલોટીના હકોને કોઈપણ રીતે અસર પહોંચે.*

*(૮) પ્રમોટર ખાત્રી પૂર્વક જણાવે છે કે, તેઓ માટે આ કરારમાં જણાવવામાં આવેલી રીતે એલોટીને ઉકત ફ્લેટ/દુકાન વેચવા અંગે કોઈપણ પ્રકારનું નિયંત્રણ નથી.*

*(૯) એસોસિએશન ઓફ એલોટીઝને આ માળખું તબદીલ કરવા માટેનું ખત કરતી વખતે પ્રમોટર તેઓને આ માળખાના મઝિયારા વિસ્તારોનો કાયદેસર, ખાલી, શાંત, પ્રત્યક્ષ કબજો સોંપશે.*

*(૧૦) પ્રમોટરે ઉકત પરિયોજના અંગે ચૂકવવાપાત્ર હોય એવા નિર્વિવાદ સરકારી લેણાં, દરો, ચાર્જિસ અને કરવેરા તેમજ અન્ય નાણાં, લેણાં, પ્રીમિયમ, નુકશાન અને/અથવા દંડ તથા ખર્ચ સક્ષમ સત્તા મંડળોને યોગ્ય રીતે ચૂકવ્યા છે. અને ચૂકવવાનું ચાલુ રાખશે.*

*(૧૨) ટાઈટલ રીપોર્ટમાં જાહેર કરવામાં આવ્યુ છે તે સિવાય, પરિયોજનાની જમીન અને/અથવા પરિયોજના અંગે પ્રમોટરને સરકાર તરફથી અથવા અન્ય કોઈ સ્થાનિક સંસ્થા અથવા સત્તામંડળ અથવા કાયદા-કાનૂન, સરકારી વટહુકમ, આદેશ, જાહેરનામા હેઠળ પ્રમોટરને કોઈ નોટિસ મળી નથી કે બજાવવામાં આવી નથી(આ સંપત્તિના સંપાદન અથવા માગણી અંગેની નોટિસ સહિત)*

*૧૪. ફ્લેટ/દુકાન ફાળવવામાં આવેલ છે એ તમામ એલોટીઝ સાથે મળીને પ્રમોટર સાથે નીચે મુજબનો કરાર કરે છે.*

*(૧) એલોટીને ફ્લેટ/દુકાન નો કબજો જયારથી આપવામાં આવે તે તારીખથી તે ફ્લેટ/દુકાન ની જાળવણી પોતાના ખર્ચે કરશે અને ફ્લેટ/દુકાન જેમાં આવ્યું છે તે ફ્લેટ/દુકાન માં કે તે ફ્લેટ/દુકાન ને એવું કશું જે કરશે કે કરાવશે*

નહી જે નિયમો, વિનિયમો અથવા પેટા-નિયમોની વિરૂદ્ધ હોય અથવા ફલેટ/દુકાન જેમાં આવેલું છે તે ફલેટ/દુકાન મા કે તે ફલેટ/દુકાન ને તેમજ ફલેટ/દુકાન કે એના કોઈ પણ ભાગમાં કે ભાગને સ્થાનિક સત્તામંડળોની સંમતિ વિના કોઈ ફેરફાર કે સુધારા-વધારા કરાવશે નહી.

(૨) એલોટી ફલેટ/દુકાન માં એવો કોઈ સામાન રાખશે નહી જે જોખમી, જ્વલનશીલ અથવા ખતરનાક પ્રકારનો હોય અથવા એટલો ભારે હોય કે જેનાથી ફલેટ/દુકાન જેમાં આવેલું છે, તે ફલેટ/દુકાન ના બાંધકામ અથવા માળખાંને કોઈ નુકશાન પહોંચે અથવા એવો કોઈ સામાન રાખશે નહી જે રાખવા સામે સંબંધિત સ્થાનિક અથવા અન્ય સત્તામંડળને વાંધો હોય અને જેને લાવવા, લઈ જવામાં દાદર, મઝિયારા પેસેજીસ અથવા ફલેટ/દુકાન જેમાં આવેલું છે, તેના માળખા, ફલેટ/દુકાન જેમાં આવેલું છે એ ફલેટ/દુકાન માં દરવાજા સહિતને નુકસાન થવાની સંભાવના હોય અને ફલેટ/દુકાન જેમાં આવેલું છે તે ફલેટ/દુકાન અથવા ફલેટ/દુકાન ને એલોટીના આવા કોઈ કસૂર અથવા નિષ્કાળજીને કારણે નુકસાન થશે તો એલોટી આવા ભંગના પરિણામ ભોગવવાને પાત્ર બનશે.

(૩) એલોટી ઉકત ફલેટ/દુકાન ની તમામ આંતરિક મરામત પોતાના ખર્ચે કરાવશે અને ફલેટ/દુકાન ને પ્રમોટરે જે સ્થિતીમાં આપ્યુ હતું, તેજ સ્થિતિમાં જાળવશે અને ફલેટ/દુકાન જે ફલેટ/દુકાન માં આવેલું છે તે ફલેટ/દુકાન અથવા ફલેટ/દુકાન માં એવું કશું જ કરશે કે કરાવશે નહીં જે સંબંધિતત સત્તામંડળ અથવા અન્ય સ્થાનિક સત્તામંડળના નિયમો, પેટાનિમયોને વિનિયમોની વિરૂદ્ધ હોય. એલોટી ઉપર જણાવેલી જોગવાઈનું ભંગ થાય એવું કોઈપણ કૃત્ય કરશે તો તે તેનાં પરિણામો ભોગવવા માટે જવાબદાર બનશે.

(૪) એલોટી ફલેટ/દુકાન અથવા તેના કોઈ ભાગને તોડશે તે તોડાવશે નહી. તે કોઈપણ સમયે ફલેટ/દુકાન અથવા તેના કોઈપણ ભાગમાં કોઈપણ પ્રકારના સુધારા કે વધારા કરાવશે નહી કે તે ફલેટ/દુકાન જેમાં આવેલું છે તે ફલેટ/દુકાન ના એલિવેશન અને બહારની કલર સ્કીમમાં કોઈ ફેરફાર કરશે કે કરાવશે નહી અને તે ફલેટ/દુકાન અને તેની સાથે જોડાયેલા ભાગો, ગટર, ડ્રેઈન્સ અને પાઈપોને સારી સ્થિતિમાં રાખશે, જેથી ફલેટ/દુકાન જેમાં આવેલું છે તેને આશ્રય અને રક્ષણ મળી રહે અને તે, પ્રમોટર અને/અથવા મંડળી અથવા લિમિટેડ

કંપનીની લિખિત પૂર્વમંજુરી વિના ફલેટ/દુકાન માં આવેલા કોલમો, બીમ્સ, દીવાલો, સ્લેબ્સ અથવા આર.સી.સી. પારડી અથવા અન્ય માળખા પર કશું જે કોતરશે નહી કે તેમને અન્ય કોઈપણ પ્રકારે નુકસાન પહોંચાડશે નહીં.

(૫) એલોટી એવું કશું જ કરશે કે કરાવશે નહીં જે, ફલેટ/દુકાન જેમાં આવેલું છે. તે ફલેટ/દુકાન, પ્રોજેકટની જમીન અથવા ફલેટ/દુકાન કે ફલેટ/દુકાન ના કોઈ ભાગને લગતા કોઈપણ વીમાનેરદ અથવા રદ થવાને પાત્ર ઠરાવે અથવા જેનાથી તે વીમાના સંદર્ભમાં વધારે પ્રીમિયમ ચૂકવવાપાત્ર બને.

(૬) એલોટી ઉકત ફલેટ/દુકાન માંથી કમ્પાઉન્ડમાં અથવા પરિયોજનાની જમીનના કોઈપણ ભાગ પર અને ફલેટ/દુકાન જેમાં આવેલું છે તે ફલેટ/દુકાન માં કોઈ કચરો, ગંદકી, ચીંથરા અથવા એવી નકામી વસ્તુ ફેંકશે નહીં કે ફેંકવા દેશે નહી.

(૭) એલોટી, પ્રમોટર દ્વારા માંગણી કરવામાં આવ્યેથી પંદર દિવસની અંદર, ફલેટ/દુકાન જેમાં આવેલું હોય તે ફલેટ/દુકાન ને આપવામાં આવેલા વીજળી પાણીના તેમજ અન્ય સેવાઓનાં જોડાણો માટે સંબંધિત સ્થાનિક સત્તામંડળ અથવા સરકાર દ્વારા માગવામાં આવેલ સિક્યોરીટી ડિપોઝીટ (જામીનગીરી થાપણ) નો પોતાનો હિસ્સો ચૂકવશે.

(૮) એલોટી, ફલેટ/દુકાન એલોટીને જે માટે ફાળવવામાં આવ્યું છે, તે હેતુંઓમાં ફેરફાર થવાને કારણે, સંબંધિત સ્થાનિક સત્તામંડળ અને/અથવા સરકાર અને/અથવા અન્ય જાહેર સત્તામંડળ દ્વારા લાદવામાં આવેલા સ્થાનિક કરવેરા, પાણી-ખર્ચ, વીમા અને એવા અન્ય લેણામાં થયેલો વધારો ભોગવશે અને તેની ચુકવણી કરશે.

(૯) આ કરાર હેઠળ એલોટીએ પ્રમોટરને ચુકવવાપાત્ર થતા તમામ લેણાં એલોટી પ્રમોટરને પૂરેપુરાં ચુકવી ન દે ત્યાં સુધી ફલેટ/દુકાન ના કોઈ ભાગને એલોટી ભાડે, પેટાભાડે આપશે નહી, અથવા પોતાના લાભ કે હિતમાટે તેની અન્ય કોઈને સોંપણી કરી કરશે નહી.

(૧૦) મંડળી અથવા લિમિટેડ કંપની અથવા એપેકસ બોડી અથવા ફેડરેશન તેની

રચના વખતે, ઉક્ત ફ્લેટ/દુકાન અને તેમા આવેલા ફ્લેટ/દુકાન ની સલામતી અને નિભાવ માટે તેમજ ફ્લેટ/દુકાન સંબંધી નિયમો (બિલ્ડીંગ રૂલ્સ), વિનિયમો અને પેટા-નિમયો-જે સંબંધિત સ્થાનિક સત્તામંડળ અને સરકાર તથા જાહેર સંસ્થાઓમાં તત્પૂરતા સમય માટે બહાર પાડ્યા હોય - તેના પાલન માટે અપનાવ્યા હોય તેવા તમામ નિયમો અને વિનિયમોનું તેમજ વખતોવખત તેમાં થયેલા સુધારા-વધારા અને ફેરફારોનું પાલન અને બજવણી કરવાની રહેશે. એલોટીએ, ફ્લેટ/દુકાન ના ભોગવટા અને ઉપયોગ અંગે મંડળી/લિમિટેડ કંપની/એપેક્સ બોડી/ફેડરેશને નિયત કરેલી તમામ શરતોનું પાલન અને બજવણી પણ કરવાના રહેશે અને એલોટી આ કરારની શરતો મુજબ, કરવેરા, અને ખર્ચાઓ પેટેની ચુકવણી નિયમીત રીતે કરશે.

(૧૧) એલોટી, પ્રમોટર અને તેમના સર્વેયરો તથા એજન્ટોને, કારીગરો તથા અન્યો સાથે અથવા તેમના વિના, કોઈપણ યોગ્ય સમયે, ઉક્ત ફ્લેટ/દુકાન અથવા તેના કોઈપણ ભાગમાં, તે ફ્લેટ/દુકાન ની સ્થિતિને જોવા તપાસવા માટે, પ્રવેશવા દેશે.

(૧૨) એલોટી, પ્રમોટર અને તેમના સર્વેયરો તથા એજન્ટોને, કારીગરો તથા અન્યો સાથે અથવા તેમના વિના, કોઈપણ યોગ્ય સમયે, પરિયોજનાની જમીન અથવા તેના કોઈપણ ભાગમાં, તેની સ્થિતિ જોવા-તપાસવા માટે પ્રવેશવા દેશે.

૧૫. પ્રમોટર, એલોટી તરફથી અગ્રીમ રકમ (એડવાન્સ) અથવા થાપણ પેટે, સહકારી મંડળી અથવા મંડળ અથાવ લિમિટેડ કંપનીને પ્રોત્સાહન આપવા માટેની શેરમૂડી પેટે પ્રાપ્ત થયેલી રકમો અથવા ખર્ચા, કાનૂની ખર્ચાઓ પેટે મળેલી રકમો એક અલગ ખાતામાં રાખશે અને તે રકમ જે હેતુ માટે મેળવવામાં આવી હોય તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરશે.

૧૬. આ કરારમાં સમાવિષ્ટ કોઈપણ બાબત, કાયદાની દ્રષ્ટિએ ઉક્ત ફ્લેટ/દુકાન અથવા ઉક્ત પ્લોટ અને ફ્લેટ/દુકાન અથવા તેના કોઈ ભાગના સંદર્ભમાં અનુદાન, વસિયત અથવા પટેથી કે સોંપણીથી આપવાનો ઈરાદો નથી અને તેનું અર્થઘટન એ મતલબનું કરવાનું નથી. એલોટી, તેમને ફ્લેટ/દુકાન જે રીતે વેચવાનો કરાર કરવામાં આવ્યો છે, તે સિવાય તેના પર કોઈ હકદાવો ધરાવશે નહીં અને તમામ

ખુલ્લી જગ્યાઓ, પાર્કિંગની જગ્યાઓ, લોબીઓ, દાદર, અગાસીઓ, મનોરંજન મોટેની જગ્યાઓને અહીં ઉપર જણાવ્યા મુજબ તબદીલ કરવામાં ન આવે ત્યાં સુધી તે પ્રમોટરની માલિકીની રહેશે.

**૧૭. પ્રમોટર ગીરો મૂકશે નહીં કે કોઈ બોજો (ચાર્જ) ઊભો કરશે નહીં.**

પ્રમોટર આ કરાર કરે તે પછી તેઓ આ ફ્લેટ/દુકાન ગીરો મૂકશે નહીં, અથવા તેના પર કોઈ બોજો (ચાર્જ) ઊભો કરશે નહીં, અને જો આવો કોઈ સાનગીરો અથવા બોજો ઊભો કરવામાં આવશે, તો તત્પૂરતા સમય માટે અમલમાં હોય તેવા કાયદામાં ગમે તે મજકુર (જોગવાઈ) હોય તેમ છતાં, આવો સાનગીરો કે બોજો, ફ્લેટ/દુકાન/પ્લોટ લેનાર અથવા લેવા સંમત થનાર એલોટીના હક અને હિતને અસર કકરશે નહીં.

**૧૮. બંધનકર્તા અસર.**

પ્રમોટર, એલોટીને આ કરાર મોકલે તેટલા માત્રથી જ પ્રમોટર કે એલોટીના પક્ષે કરાર બંધનકર્તા બનતા નથી. પ્રથમ કરાર પર એલોટી સહી કરે અને તમામ અનુસૂચિઓ સાથે અને ચુકવણીના આયોજન(પેમેન્ટ પ્લાન) મુજબ લેણી થતી તમામ રકમો, કરાર મળ્યાના ૩૦ દિવસની અંદર મોકલે અને બીજું, પ્રમોટર દ્વારા જાણ કરવામાં આવ્યેથી એલોટી કરારની નોંધણી માટે સંબંધિત સબ રજીસ્ટ્રાર સમક્ષ હાજર થઈ કરારની નોંધણી કરાવે તે પછી જ કરાર બંને પક્ષને બંધનકર્તા બનેશ. પ્રમોટર તરફથી કરાર મળ્યાના ૩૦ દિવસની અંદર એલોટી કરાર પર સહીઓ કરી પ્રમોટરને ન મોકલે અને/અથવા પ્રમોટર દ્વારા જાણ કરવામાં આવ્યેથી એલોટી કરારની નોંધણી માટે સબ રજીસ્ટ્રાર સમક્ષ હાજર ન થાય તો, પ્રમોટર આ ચૂકને સુધારી લેવા માટે એલોટીને નોટિસ મોકલશે અને એલોટી, નોટિસ મળ્યાનાં પંદર દિવસની અંદર એ ચૂક સુધારી ન લે તો એલોટીની અરજી રદ થયેલી ગણાશે અને એલોટીએ, એ સંબંધમાં જમા કરાવેલી તમામ રકમો, બુકિંગની રકમ સહિત, એલોટીને કોઈ વ્યાજ કે વળતર વિના પરત કરવાની રહેશે.

**૧૯. સમગ્ર કરાર.**

આ કરાર, તેની અનુસૂચિઓ અને જોડાણો સહિત, અહીં જણાવેલા વિષય

*અંગે બંને પક્ષો વચ્ચેનો સંપૂર્ણ કરાર બને છે અને આ કરાર , ઉકત ફ્લેટ/દુકાન અંગે બંને પક્ષો વચ્ચે થયેલી અન્ય તમામ સમજૂતીઓ, કરારો, ફાળવણીપત્ર, પત્રવ્યવહારો, લિખિત કે મૌખિક ગોઠવણો રદ કરીને અમલમાં આવે છે.*

**૨૦. સુધારો કરવાનો અધિકાર.**

*આ કરારમાં, તેના પક્ષકારોની લિખિત સંમતિથી જ સુધારો થઈ શકશે.*

**૨૧. કરારની જોવાઈઓ એલોટી/પાછળથી જોડાનાર એલોટીઝને લાગુ પડશે.**

*આ કરાર કરનાર પક્ષો એ સ્પષ્ટ રીતે સમજે છે અને સંમત થાય છે કે અહીં સમાવિષ્ટ તમામ શરતો અને આ પરિયોજનાના સંદર્ભમા ઊભી થનારી તમામ જવાબદારીઓ, ફ્લેટ/દુકાન ના હવે પછીના એલોટીઝને પણ સમાન રીતે લાગુ પડશે, કારણ કે, આ જવાબદારીઓ સમગ્રપણે ફ્લેટ/દુકાન સાથે જોડાયેલી છે.*

**૨૨. કરાર રદ કરવા બાબત.**

*આ કરારની કોઈપણ જોગવાઈ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિમયો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ, તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પૂરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતા હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.*

**૨૩. કરારમાં જ્યાં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યાં પ્રમાણસર (ભાગે પડતા) હિસ્સાની ગણતરી કરવાની પદ્ધતિ.**

*આ કરારમાં જ્યાં પણ એવું ઠરાવવામાં આવ્યું હોય કે એલોટીએ પરિયોજનામાં સામેલ અન્ય એલોટીઝની સાથે સંયુકત રીતે ચુકવણી કરવાની છે ત્યાં તેની ગણતરી પરિયોજનામાં સમાવિષ્ટ તમામ ફ્લેટ/દુકાન ના કુલ કાર્પેટ એરિયાની તુલનામાં, સંબંધિત ફ્લેટ/દુકાન ના કાર્પેટ એરિયાના પ્રમાણમાં કરવાની*

રહેશે.

## ૨૪. વધુ બાંયધરીઓ/ખાતરીઓ.

બંને પક્ષો આથી સંમત થાય છે કે, તેઓ, અહીં, જેમનો ખાસ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવા ખાતે(ઈન્સ્ટ્રુમેન્ટ) અને કાર્યવાહીઓ ઉપરાંત, આ કરારની જોગવાઈઓને અમલમાં મૂકવા માટે અથવા અહીં વિચારવામાં આવેલી લેવડ-દેવડો કરવા માટે અથવા અહીં ઊભા કરવામાં અથવા તબદીલ કરવામાં આવેલા હકને પુષ્ટિ આપવા માટે અથવા સંપૂર્ણ બનાવવા માટે અથવા આવી કોઈપણ લેવડ-દેવડને અનુસરીને જરૂરી જણાય એવા અન્ય કોઈપણ ખત તેઓ સામેના પક્ષને કરી આપશે, તેનો સ્વીકાર કરશે અને તેને અનુસરશે.

## ૨૫. અમલનું સ્થળ (કરાર કરવાનું સ્થળ).

આ કરાર, પ્રમોટરના અધિકૃત સહીકર્તા મારફત પ્રમોટર દ્વારા પ્રમોટરની ઓફિસ ખાતે અથવા પ્રમોટર અને એલોટી વચ્ચે પરસ્પર સમજૂતી સધાયા મુજબના અન્ય કોઈ સ્થળ ખાતે અમદાવાદમાં કરવામાં આવે અથવા આ કરાર એલોટી અને પ્રમોટર વચ્ચે કરવામાં આવ્યા પછી સાથે સાથે તેની નોંધણી સબ રજીસ્ટ્રારની કચેરી ખાતે કરાવવામાં આવે, ત્યારે જ કરાર કરવાની કામગીરી પૂરી થયેલી ગણાશે. તેથી આ કરાર ખાતે થયેલા હોવાનું ગણાશે.

૨૬. એલોટી અને/અથવા પ્રમોટર આ કરાર તેમજ પટાની તબદીલી/સોંપણીનું ખત નોંધણી અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલી સમયમર્યાદામાં યોગ્ય નોંધણી કચેરીમાં રજૂ કરશે અને પ્રમોટર આવી કચેરીમાં હાજર રહીને કરાર કર્યો હોવાનું કબૂલશે.

૨૭. કરારમાં વિચારવામાં આવ્યા મુજબ, એલોટી અને પ્રમોટરને બજાવવાની તમામ નોટિસો, એલોટી અથવા પ્રમોટરને રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી તથા ઈ-મેઈલ આઈડી/અન્ડર સર્ટિફિકેટ ઓફ પોસ્ટીંગથી તેઓના નીચે જણાવેલા સંબંધિત સરનામે મોકલવામાં આવ્યેથી, તેની યોગ્ય બજવણી થયેલી ગણાશે.

.............................. એલોટીનું નામ.

..............................(એલોટીનું સરનામું)
જણાવવામાં આવેલ ઈમેલ-આઈ.ડી. ..................................

મેસર્સ ................................. (પ્રમોટરનું નામ)

....................................(પ્રમોટરનું સરનામું)

જણાવવામાં આવેલ ઈમેલ-આઈ.ડી. ..................................

આ કરાર કર્યા પછી, ઉપર જણાવેલા સરનામામાં કોઈ ફેરફાર થાય તો, તેની જાણ એકબીજાને રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવાની એલોટી અને પ્રમોટરની ફરજ બનશે અને જો તેઓ તેમ નહીં કરે તો, ઉપર જણાવેલા સરનામે મોકલવામાં આવેલા તમામ પત્રો અને સંદેશા યથાપ્રસંગ પ્રમોટર અને એલોટીને મળ્યા હોવાનું ગણાશે.

**૨૮. સંયુક્ત એલોટીઝ.**

સંયુક્ત એલોટીઝના કેસમાં, પ્રમોટરે તમામ સંદેશા, એલોટીઝ પૈકી જેમનું નામ પહેલું હોય તે એલોટીને, તેના/તેણીના સરનામે મોકલવાના રહેશે અને તેમ કર્યેથી, તમામ એલોટીઝને તે યોગ્ય રીતે મોકલવામાં આવ્યા હોવાનું ગણાશે.

**૨૯. સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન.**

આ કરાર સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી અંગેનું ખર્ચ એલોટીએ ભોગવવાનું રહેશે.

**૩૦. વિવાદનું નિરાકરણ.**

પક્ષો વચ્ચેના કોઈપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો, રીયલ એસ્ટેટ સંબંધી (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેને .............. સત્તામંડળને મોકલવાની

રહેશે.

કરારની સહી કરનાર ..........................

**<u>પ્રમોટર</u>**

૧. ..............................
(સહી કરનાર અધિકૃત વ્યક્તિ)

સાક્ષીઓ

૧. નામ ...........................................

સહી ...........................................

૨. નામ ...........................................

સહી ...........................................

નોંધ : આ કરાર કરનાર પક્ષકારોના સંદર્ભમાં, અમલના ખંડોને વ્યક્તિગત કિસ્સા મુજબ આખરી રૂપ આપવાનું છે.

**અનુસૂચિ-ક**

ફ્લેટ/દુકાન નું વર્ણન ચાર દિશાની સીમાઓ સાથે કરવું.

**અનુસૂચિ-ખ**

ફ્લેટ/દુકાન નો ફ્લોર પ્લાન

**જોડાણ-ક**

(સંબંધિત સ્થાનિક સત્તામંડળ દ્વારા મંજૂર કરવામાં આવ્યા મુજબ એલોટી જે ખરીદવા સંમત થાય છે, તે ફ્લેટ/દુકાન ના નકશા(પ્લાન) અને વિગતવર્ણનોની અધિકૃત

*નકલો)*

**જોડાણ-ખ**

*(રીયલ એસ્ટેટ નિયમનકારી સત્તામંડળ દ્વારા મંજૂર કરવામાં આવેલા પરિયોજનાના નોંધણી પ્રમાણપત્રની અધિકૃત નકલ)*

**જોડાણ-ગ**

*(ફ્લેટ/દુકાન ના વિગત વર્ણનો અને સુવિધાઓ)*

**૩૧. લાગુ પડતો કાયદો.**

*આ કરાર હેઠળનાં અથવા તેમાંથી ઊભા થતા હકો અને જવાબદારીઓનું અર્થઘટન અને અમલ, ભારતમાં તત્પૂરતા અમલમાં હોય એવા કાયદા મુજબ કરવાના રહેશે અને આ કરાર માટે .................. અદાલત હકૂમત ધરાવશે.*

*આ કરાર ની સાખે ઉપર જણાવેલ પક્ષોએ, નીચેના સાક્ષીઓની હાજરીમાં આજરોજ .......................... (શહેર/નગરનું નામ) ખાતે આ વેચાણ કરાર પર સહી કરી.*

*સંપૂર્ણ હકની/પટાની જમીન અને અન્ય તમામ વિગતોનું વર્ણન કરતી, ઉપર જણાવેલી પ્રથમ અનુસૂચિ.*

*મઝિયારા વિસ્તાર અને સુવિધાઓનો પ્રકાર, પ્રમાણ જણાવતી અને વર્ણન કરતી, ઉપર જણાવેલી બીજી અનુસૂચિ.*

*સહી કરી કરાર કરનાર.*

*એલોટી (સંયુકત રીતે ખરીદનારા સહિત)*

*(૧) ..................................*

*(૨) ..................................*